જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૯/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૫૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૧૩૨ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૮૦ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૬૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૫૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં. ૧૩૫૨/૨૦૨૫**

ચાંદખેડાઃ ઓમકારનાથ સુખનાથ જોગી (રહે. ન્યુ રણછોડરાયનગર વિભાગ–૦૧, વંદે–માતરમ રોડ, જગતપુર) એ તા.૨૫/૦૯/૨૦૨૫ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૯/૨૦૨૫ સવારના ૪/૦૦ થી તા.૨૧/૦૯/૨૦૨૫ સાંજના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી લોખંડની તિજોરીમાંથી ચાંદીના દાગીના કિમત રૂપિયા ૭૦,૯૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.જી.ડાભી ચલાવે છે.

નારોલઃ નંદિની વા/ઓ મીત ઠાકોર (રહે. સ્વસ્તિક સીટી પૂજા ફાર્મ સામે નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૯/૨૦૨૫ કલાક ૧૧/૦૦ થી કલાક ૧૨/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૬૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૧૭,૫૦૦/– મળી કુલ રૂપિયા ૭૭,૫૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.ડી.સાબડ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં. ૧૩૫૩/૨૦૨૫**

શહેરકોટડાઃ મહેન્દ્રભાઇ બિજલભાઇ પરમાર (ઉ.વ.૬૯) (રહે. બુધ્ધનગર સોસાયટી સી–કોલોની પાસે નરોડા રોડ શહેરકોટડા) એ તા.૨૫/૦૯/૨૦૨૫ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૫ બપોરના કલાક ૧૨/૩૦ થી ૨/૩૦ દરમ્યાન મહેન્દ્રભાઈ પરમારના ઘરે તિજોરીનું લોક રિપેર કરવા આવેલ સરદારજી જેવા બે પુરૂષ મહેન્દ્રભાઈ પરમારની નજર ચુકવી તિજોરીના લોકરમાંથી સોના–ચાંદીના દાગીના મળી કુલ કિમત રૂપિયા ૪,૪૦,૫૦૦/– મતાની ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.ભરવાડ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં. ૧૩૫૪/૨૦૨૫**

ઘાટલોડીયાઃ બાસંતી વા/ઓ અમિત નેપાલ મોંડલ (ઉ.વ.૨૭) (રહે. જયંતપાર્ક સોસાયટી પાસે ગુરુકુળ રોડ મેમનગર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૯/૨૦૨૫ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

વટવાઃ સતીષ ઉર્ફે કલ્લુ ઘરમભાઈ દંતાણી (ઉ.વ.૨૩) (રહે. સદભાવના ચાર માળીય વટવા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૯/૨૦૨૫ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી યુવરાજસિંહ કલુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી